**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૫/૩/૨૦૧૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૫૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૩ કેસ કરી ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૯૧ લીટર દેશી દારૂ, ૭૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૮ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૩૪ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૭૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૫૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૪૫૮/૧૫**

**સોલા હાઇકોર્ટ :** હેમાનીબહેન રમેશભાઇ પંચાલ (ઉ.વ.૧૪)(રહે.શાંતીનગર, સુવાળ સોસાયટીની બાજુમાં, ચાંદલોડીયા) ને તા.૩/૩/૧૫ બપોરનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી કલ્પેશકુમાર ગોવિંદભાઇ નાઇ(રહે.સુરગી નગર સોસાયટી, સુવાળનગરની બાજુમાં ચાંદલોડીયા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ હેમાનીબહેનનાં પિતા રમેશભાઇ પંચાલે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

**રાણીપ :** ગણપતસિંહ અમરસિંહ રાઠોડ (રહે.ગુજરાત સ્લમ ક્વૉટર્સ, કાળીગામ, સાબરમતી)એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૩/૧૫ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે રાણીપ શાકમાર્કેટ પાસે આવેલ સકસેસ ગ્રુપ ટ્યુશન નજીકથી પોતાની પુત્રી મિત્તલબહેન(ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એમ.પનોરીયા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા:-** **સમાચાર યાદી નં.૪૫૯/૧૫**

**ઓઢવ :** શકુંતલાબહેન અનીલભાઇ રાજપુત (રહે.પરષોત્તમપાર્ક સોસાયટી, નીશીતપાર્ક સોસાયટી પાસે, આદીનાથનગર, ઓઢવ) તા.૩/૩/૧૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ આદીનાથનગર અંબાજી માતાનાં મંદિર આગળથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ (૨૦ થી ૨૫ વર્ષના આશરાનાં) બે પુરૂષ શકુંતલાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શકુંતલાબહેન રાજપુતે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે.

**<u>છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૦/૧૫</u>**

**વટવા** : જાકિરહુસેન મહમદહુસેન મલેક (રહે.ગામ.મહુધા,ચોરોનો લીમડો,તા.મહુધા,જી.ખેડા)એ તા.3/3/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧/૧૫ નારોજ આરોપી (૧) મહમદહુસેન ઇસ્માઇલ શેખ (રહે.વસંત ગડકરનગર, ગરીબ આવાસ યોજના, વટવા) અને (૨) સલીમ શાહજહાં સૈયદ(રહે.ખાનપુર દરવાજા, કરબલા મસ્જીદ, શાહપુર)નાઓએ ભેગામળી જાકિર હુસેનને વિશ્વાસમાં લઇ, વટવા ચાર માળીયા ગરીબ આવાસ યોજના નજીકથી જાકિરહુસેનની આઇશર ગાડી નંબર જીજે.૦૬.ઝેડ.૭૦૩૭ કિંમત રૂપિયા ૪,૭૦,૦૦૦/- અને ટાટા ટ્રક નંબર જીજે.૦૭.ટી.ટી.૭૪૨૨ કિંમત રૂપિયા ૭,૫૫,૦૦૦/- ભાડેથી ફેરવવા લઇ ગયા બાદ બંને ટ્રક ગુમ કરી દઇ, જાકિરહુસેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.ચૌધરી ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૧/૧૫</u>**

**સોલા હાઇકોર્ટ** : રાજેન્દ્રભાઇ નરસિંહભાઇ પટેલ (રહે.હિસ્ક એવન્યુ, નહેરૂપાર્ક વસ્ત્રાપુર) એ તા.૦૧/3/૧૫ બપોરના ૪/૦૦ વાગે એસ.જી.હાઇવે ભાગવત વિધાપીઠ નજીક પોતાની હોન્ડા સીટી કાર નંબર જીજે.૦૧.એચ.ડી.૫૩૫૯ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સાંજનાં ૬/૪૫ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ રાજેન્દ્રભાઇ પટેલે તા.૪/3/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.કે.શ્રીમાળી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.